

જી.૨૦ સમિટની આગામી બેઠક ગાંધીનગરમાં યોજાવાની છે. જી.૨૦ સમિટના વિવિધ દેશોના પ્રતિનિધિઓનું આગમન શરૂ થઈ જશે. આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરવા શહેરને રોશનીથી સજાવાયુ છે. ચ-૦ સર્કલ રોશનીથી ઝળહળી ઉઠ્યુ છે. વસાહતીઓ રોશની જોવા ઉમટી રહ્યા છે.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬ અને શહેરમાં કોરોનાનો ૧ કેસ

## દહેગામમાં ૩ કેસ : માણસામાં ૧ કેસ : કલોલમાં બે કેસ નોંધાયા, સે. ૬માં ૭૧ વર્ષીય મહિલા સંક્રમિત થઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૬ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં આજે કોરોનાના વધુ ૧ કેસ નોંધાયો છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ જે ગતિએ વધી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતાઓ વધી છે. જો કે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

કોરોનાના સંક્રમિત થયેલા દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા છે તેને લઈ તંત્ર હજુ કોઈ સ્પષ્ટ તારણ પર પહોંચી શક્યુ નથી. કોરોનાની ગતિ છેલ્લા સપ્તાહથી જે રીતે ચાલી રહી છે તેને લઈ તંત્રએ પણ હવે તેની કામગીરી અને રણનીતિમાં બદલાવ કરવા માટે મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

કોરોનાની ગાઈડલાઈનમાં જણાવ્યા પ્રમાણે હવે સોશ્યલ ડિસ્ટન્સીંગના અમલીકરણની સાથે સાથે ટેસ્ટીંગ, ટ્રેકીંગ અને ટ્રીટમેન્ટની વ્યુહરચના સાથે આગળ વધવાનો તંત્રએ નિર્ણય કર્યો છે. ટેસ્ટીંગના પ્રમાણમાં હજુ પણ વધારો કરવામાં આવે તેવી સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. બે વિદ્યાર્થીઓ પણ આજે સંક્રમિત થયા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૩, કલોલમાં બે અને માણસામાં એક કેસ નોંધાયો છે. ગાંધીનગર તાલુકામાં આજે એક પણ કેસ નોંધાયો નથી.

દહેગામ તાલુકામાં જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

દહેગામના અમરાજીના મુવાડા ગામેથી ૧૮ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ શહેરના રામજીના છાપરામાંથી ૭૦ વર્ષીય વૃદ્ધ તેમજ પાલૈયા વાસમાંથી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના સઈજ ગામેથી ૧૪ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત બધાણા ગામેથી ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસાના વિહારમાંથી ૫૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ આજે ૭૦૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે એક કેસ નોંધાયેલ છે. શહેરના સે. ૬ માં ૭૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મહિલાની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તે જાણી શકાયુ નથી. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી રાખવા માટે સૂચનાઓ આપી છે. શહેરમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ટેસ્ટીંગમાં વધારો કરવા માટે સૂચનાઓ આપી છે.

# ગુજકેટની પરીક્ષાને પગલે બોર્ડની ઉત્તરવહીના મૂલ્યાંકનનું કામ બંધ રખાશે

## ગોપનીયતા જળવાય તે માટે પરીક્ષાનું કેન્દ્ર હોય તેવી શાળાઓમાં એક દિવસ માટે મૂલ્યાંકનની કામગીરીમાંથી મુક્તિ

ગાંધીનગર તા ૨

ધો ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ ને અનુલક્ષી તારીખ ૩ એપ્રિલના રોજ ગુજકેટની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે ગાંધીનગર જિલ્લામાંથી પણ ૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જયારે આ પરીક્ષા માટે કેન્દ્ર તરીકે નિયત કરાયેલા બિલ્ડિંગોમાં જો બોર્ડ દ્વારા ધારણ ૧૦ અને ૧૨ની પરીક્ષાની ઉતરવહીઓનું મૂલ્યાંકન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલી હોય તેવા સંજોગોમાં કેન્દ્રો પુરતી ઉતરવહીના મૂલ્યાંકનની કામગીરી ગોપનિયતા જળવાય તેવા આશયથી આ દિવસ માટે બંધ રાખવા પણ સૂચના આપવામાં આવી છે

ધોરણ ૧૨ ના અંતે એન્જીનિયરીંગ અને પેરા મેડિકલના ક્ષેત્રમાં આગળનો અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓને અનુલક્ષીને ગુજરાત કોમન એન્ટ્રેસ ટેસ્ટ આપીને તે પાસ કરવાનુ ફરજીયાત કરાયું છે. ગાંધીનગરના સેક્ટર વિસ્તાર ઉપરાંત ન્યુ ગાંધીનગરમાં કુડાસણ, સરગાસણ અને ધોળાકુવામાં ઉપરાંત રાંધેજા અને ચાંદખેડામાં મળીને ૨૪ જેટલી સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નિયત કરવામાં આવી છે. તારીખ ૩ એપ્રિલના રોજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૫,૭૨૦ વિદ્યાર્થીઓ ગુજરાત કોમન એન્ટ્રેસ ટેસ્ટ આપવા માટે નોંધવામાં આવેલા છે.

દરમિયાન બોર્ડની પરીક્ષાઓ પુરી થવાની સાથે જ સમયસર પરિણામો આપી શકાય તેના માટે બોર્ડના પરીક્ષાર્થીઓની ઉતરવહીનું મૂલ્યાંકન કરવાની કામગીરી પણ તારીખ ૧ એપ્રિલના રોજથી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ તારીખ ૩ એપ્રિલના રોજ મૂલ્યાંકનની કામગીરીમાં રોકાયેલા શિક્ષકોને પેપર તપાસ કરવાની કામગીરીમાંથી એક દિવસ માટે મુક્તિ અપાશે .ધો ૧૦ અને ૧૨ ના પ્રશ્નપત્રો ને અનુલક્ષી મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રોમાં ઉપરોક્ત પૈકીની શાળાઓનો સમાવેશ પણ હોવાથી મૂલ્યાંકનની કામગીરીની ગોપનિયતા જળવાઈ રહે તે પણ અનિવાર્ય છે જેને અનુલક્ષીને ગુજકેટની પરીક્ષાના દિવસે આ કાર્યવાહી બંધ રાખવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ કક્ષાએથી સૂચના આપવામાં આવી છે.

# સાબરમતી નદીના પ્રદૂષણને નાથવા મનપાએ ત્રણ ટીમો બનાવી

## ટીમો ૨૪ આઉટ ફોલ વિસ્તારોની તપાસ કરશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ગોંદરેથી પસાર થતી સાબરમતી નદીને પ્રદૂષિત થતી અટકાવવાના કાર્યમાં હવે ગાંધીનગર મનપાનું તંત્ર પણ જોડાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગાંધીનગર મનપાના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારોમાંથી સાબરમતી નદીમાં મંજૂરી વગરના ગટરના અનટ્રીટેડ પાણીને તથા અન્ય રીતે છોડવામાં આવતા ગંદા પાણીને રોકવા તથા વૉટર એક્ટ ૧૯૭૪ના સેક્શન ૩૩ને કોમ્પ્લાય કરવા નિર્દેશ કરેલ છે.

આ પછી મનપાનું તંત્ર હરકતમાં આવ્યુ છે. મનપાના કાર્યક્ષેત્રમાંથી વહેતી સાબરમતી નદીની આજુબાજુના વિસ્તારમાં આવેલી રહેણાંક કે વાણિજ્યક સંસ્થાઓમાંથી અનઅધિકૃત રીતે કે મંજૂરી વગર નદીમાં ગંદુ પાણી છોડવામાં આવે છે તે બાબતની ચકાસણી કરવા અધિકારીઓની ત્રણ ટીમો બનાવવામાં આવી છે.

આ ટીમો તે બાબતની ચકાસણી કરી અનઅધિકૃત રીતે કે મંજૂરી વગર સાબરમતી નદીમાં છોડાતા ગંદા પાણીના પ્રવાહ બંધ કરવા માટેની જરૂરી કાર્યવાહી કરશે.

આ માટે ૧૭ જેટલા અધિકારીઓની ત્રણ ટીમો બનાવી અને ૨૪ જેટલા સાબરમતી નદીના આઉટફોલના લોકેશનની મુલાકાત લઈ પરિણામલક્ષી કામગીરી કરી નાયબ મ્યુનિ. કમિશનરને પોતાનો અહેવાલ આપશે.

આ ત્રણ ટીમો સતત આ વિસ્તારોમાં નજર રાખશે અને સતત તેમના અહેવાલ મનપાને આપવાના રહેશે.

સાબરમતી નદી એ દેશની પ્રદૂષિત નદીઓમાં સ્થાન પામી ચુકી છે. હવે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પણ આ મુદ્દે હરકતમાં આવ્યુ છે. તેણે મનપાને આ અંગે કાર્યવાહી ઝડપથી કરવા જણાવ્યુ છે. મનપાનું તંત્ર પણ હવે આળસ ખંખેરી ઉભુ થયુ છે.

તંત્ર દ્વારા આમ તો આ મુદ્દે મૌન સેવી રહ્યુ છે. ટીમોએ આઉટફોલ વિસ્તારોની મુલાકાત લીધી કે કેમ ? ક્યાંય આ અંગેની કોઈ બાબતો ધ્યાને આવી કે કેમ ? તે અંગે મનપાનું તંત્ર મૌન સેવી રહ્યુ છે. આગામી દિવસોમાં કોઈક પગલાં લેવામાં આવશે તેવી વાોત સાંભળવા મળી રહી છે.

રચાયેલી ટીમોએ કરેલી કામગીરી પણ અતિ ગુપ્ત રીતે આગળ ધપાવવામાં આવી રહી છે. જો કે સાબરમતી નદીને શુધ્ધ કરવા માટે સરકાર હવે કટિબદ્ધ બની છે જે નોંધનીય છે.

# મનપાની જુની કચેરીમાં મિલ્કત વેરાની વસુલી માટે ૧૫ કાઉન્ટરો ઉભા કરાશે

## એડવાન્સ મિલ્કતવેરો ભરનારાઓ માટે વળતર યોજનાનો અમલ શરૂ થતાં તંત્રએ લીધેલો નિર્ણય અગાઉ કરતાં ૬ કાઉન્ટરો વધુ ઉભા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત માટે સે. ૧૧ સ્થિત જુની કચેરીમાં ૧૫ કાઉન્ટરો કાર્યરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

૧લી એપ્રિલથી એડવાન્સ મિલ્કતવેરો ભરનારાઓને ૧૦ટકા તેમજ ડિજીટલ પેમેન્ટ પર વધારાના બે ટકા રૂ. ૫૦૦ની મર્યાદામાં વળતર આપવાના નિર્ણયને પગલે આ વખતે કાઉન્ટરોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે.

સામાન્યતઃ મનપામાં મિલ્કતવેરાની વસુલી માટે નવ કાઉન્ટરો નિયત કરાયા હતા. શહેરની વધેલી હદ અને મિલ્કતધારકોની સંખ્યાને ધ્યાને લઈ તંત્રએ આ વખતે ૬ કાઉન્ટર વધુ ઉભા કરવાનો નિર્ણય લીધો છે.

મળતી વિગતો પ્રમાણે રોકડમાં મિલ્કતવેરો સવારે ૯ થી બપોરના ૩ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે. જ્યારે ચેકથી આખો દિવસ નાણાં સ્વીકારવામાં આવશે. મનપાના સૂત્રોએ જણાવ્યુ છે કે નવ કાઉન્ટરો પર રોકડ વેરો વસુલવામાં આવશે જેથી લાંબી લાઈનો થશે નહિ. જ્યારે ૬ કાઉન્ટર પર ચેકથી નાણાં સ્વીકારવામાં આવશે.

એડવાન્સ મિલ્કતવેરો ગ્રામ્ય વિસ્તારમાં આવેલી મનપાની કચેરીએ પણ સ્વીકારવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

મિલ્કતવેરામાં આ વખતે રહેણાંક વિસ્તારમાં ૧.૨૫ રૂ. અને વાણિજ્ય મિલ્કતોમાં રૂ. ૨.૨૫ નો વધારો કરવામાં આવ્યો છે. આ વર્ષે મિલ્કતવેરામાં નવી જંત્રીના દરોની અસરો નહિ આપવાનો નિર્ણય મનપા દ્વારા લેવામાં આવ્યો છે.

૩૧-૩-૨૩ સુધીમાં અર્થાત્ નાણાંકીય વર્ષ-૨૦૨૨-૨૩ માં રૂ. ૫૩ કરોડની વસુલાત મિલ્કતવેરાની કરી વિક્રમી આવક મનપાએ મેળવી છે.

નવા દર પ્રમાણે મિલ્કતવેરાના બિલો બનાવાવની કામગીરી તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળેલ છે.

# ચેક પરતના કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા

## મિત્રતાના કારણોસર સામાજિક કામ અર્થે નાંણા ઉછીના આપ્યા હતા : આરોપીને રૂ ૫ લાખનુ વળતર ચુકવવા પણ કોર્ટનો આદેશ

ગાંધીનગર તા ૨

મિત્રતાના નાતે સામાજિક કારણોસર નાણાંની જરૂરિયાત ઉભી થતા રૂ ૫ લાખની રકમ ઉછીની આપવાના કેસમાં ચેક પરત થતા ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જયારે આરોપીને રૂ ૫ લાખ ૬ ટકાના વ્યાજ સાથે વળતર ચુકવવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના ફરિયાદી કનુભાઇ તુષારભાઇ પટેલે આરોપી સુરેશ દેવજી મનાજી પરમાર વચ્ચે ગાઢ સબંધ હોવાથી મિત્રતા અને વિશ્વાસનો નાતો હતો. જયારે આ સંબંધે આરોપીને જયારે પણ નાણાંકીય જરૂરિયાત ઉભી થાય ત્યારે તેમની પાસેથી ઉછીના પૈસા પણ લેતા હતા. આ મુજબ આરોપીને સામાજિક કારણોસર પૈસાની જરૂરિયાત ઉભી થતા ફરિયાદી પાસે રૂ ૫ લાખની માંગણી કરી હતી જયારે આરોપીએ આ રકમ ત્રણ માસમાં પરત આપી દેવાનો વાયદો પણ કર્યો હતો.

જયારે આ રકમની ચુકવણી પેટે આરોપીએ તા ૨૧ સપ્ટેમ્બર વર્ષ ૨૦૨૧ ના રોજ આંધ્ર બેન્ક ગાંધીનગર શાખાનો ચેક આપ્યો હતો. જયારે આ ચેક એચ ડી એફ સી ઈન્ફોસિટી ગાંધીનગર શાખાની બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે પરત થયો હતો. આમછતા આરોપીએ લેંણી રકમ પરત કરી ન હતી. જેના અંતે આરોપીને વકીલ મારફતે નોટીસ આપવામાં આવી હતી. જયારે આરોપીએ નોટીસનો જવાબ પણ ૧૫ દિવસ બાદ આપ્યો હતો અને રકમ પરત ચુકવી ન હતી.

જેના અંતે કનુભાઇએ વકીલ મારફતે કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની આઠમા એડિશ્નલ ચીફ જયુ મે જી કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ તરીકે શંકરસિંહ ગોહીલ અને સુમિતસિંહ ગોહીલે દલીલો કરી હતી જેના અંતે જજ આર વી લીંબાચિયાએ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આ ઉપરાંત રૂ ૫ લાખ વાર્ષિક ૬ ટકાના વ્યાજ સાથે વસુલ થાય ત્યાં સુધી એક માસમાં ચુકવી આપવા પણ કોર્ટે આદેશ કર્યો છે.

# સિવિલ હોસ્પિટલમાં મોડેલ એન્ટી રેબિજ ક્લીનીક શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મોડેલ એન્ટી રેબિઝ ક્લીનીક શરૂ કરવામાં આવશે. આ અંગેની તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ભારત સરકારે ગુજરાતની આ અંગેની દરખાસ્તને મંજૂરી આપી છે અને દરેક જિલ્લામાં હોસ્પિટલો ખાતે મોડેલ એન્ટી રેબિઝ ક્લીનીક શરૂ કરવામાં આવશે. આ માટે જરૂરી સૂચનાઓ પણ સરકાર દ્વારા આપી દેવામાં આવી છે.

હડકવા એ લગભગ ૧૦૦ ટકા જીવલેણ રોગ છે. જે હડકવાવાળા પ્રાણીના કરડવાથી ફેલાય છે. જો કે સમયસર અને પર્યાપ્ત પોષ્ટ એક્સપોઝર પ્રોફીલેક્સિસ દ્વારા તે ૧૦૦ ટકા અટકાવી શકાય છે. હડકવાના મુદ્દાને સંબોધવા માટે ૨૦૩૦ સુધીમાં હડકવા દ્વારા શૂન્ય મૃત્યુના વૈશ્વીક લક્ષ્યને હાંસલ કરવા સાથે દેશમાં હડકવા નિયંત્રણ કાર્યક્રમ લાગુ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાતના દરેક જિલ્લામાં એક મોડેલ એન્ટી રેબિઝ ક્લીનીક કાર્યરત કરવાનો નિર્ણય લેવાયા બાદ હવે સિવિલ હોસ્પિટલનું તંત્ર હરકતમાં આવ્યુ છે.

આ ક્લીનીકમાં હડકવા વિરોધી વિવિધ આરોગ્યલક્ષી સુવિધાઓ, ભૌતિક માળખાકીય સુવિધાઓ, એ.આર.વી. અને એ.આર.એસ.ની ઉપલબ્ધતા આઈ.ઈ.સી., ઘા ધોવાની સુવિધા, દર્દીને દાખલ અને વધુ સારવાર આપવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં હડકવાના કેસ ઓછા નોંધાયા છે. જો કે કૂતરા કરડવાની ઘટનાઓ વર્ષ દરમ્યાન ૩ હજાર જેટલી નોંધાતી રહી છે. આ દર્દીઓને જરૂરી ઈન્જેક્શનોથી સારવાર આપવામાં આવી રહી છે.

હવે આ મોડેલ એન્ટી રેબિઝ ક્લીનીકમાં ખાસ તબીબ, સ્ટાફનર્સ સહિતના કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.

# સેકટરોમાં રખડતા આખલા સાથે નીલગાયનો પણ ત્રાસ

## માર્ગ સલામતી જોખમમાં : સેકટરોના ઉભા આડા માર્ગો આસપાસ ફરતી નીલગાય ગમે ત્યારે માર્ગ વચાળે દોડી આવતા અકસ્માત સર્જાય છે : વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો અડ્ડો




ગાંધીનગર તા ૨

ગાંધીનગરના સેકટરોમાં રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. સેકટરોમાં રખડતા આખલા અને કુતરાના લીધે સેકટરવાસીઓને અનેકવાર ઈજાઓ પહોંચી છે. નગરના આડા અને ઉભા માર્ગો આસપાસ તેમજ વન આરક્ષિત વિસ્તાર પણ નીલગાયનો અડ્ડો બનતા માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. નીલગાય ગમે ત્યારે માર્ગ વચાળે દોડી આવતા અકસ્માતો સર્જાતા હોવાનુ પણ ધ્યાને આવે છે. અગાઉ વનતંત્રએ નીલગાયને પકડવા માટે હાથ ધરેલી ઝુંબેશ પણ તુરંત જ બંધ કરી દેવામાં આવી હતી જયારે હાલ સેકટરોમાં નીલગાયનો ત્રાસ વધતા સ્થાનિકો પરેશાન છે.

ગાંધીનગરના સેકટરોમાં એકબાજુ રખડતા ઢોરનો ત્રાસ હજુ યથાવત છે. સેકટરોમાં શેરીએ શેરીએ રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. જેના લીધે સેકટરવાસીઓ પરેશાન છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં આ સ્થિતિ વચ્ચે ગંદકી અને માર્ગ સલામતી સહીતના પ્રશ્નો પણ રહીશો માટે પરેશાનીનુ કારણ બન્યા છે. ગાંધીનગરના સેકટરોમાં નીલગાયનો ત્રાસ પણ વધી ગયો છે. શહેરમાં નીલગાયના લીધે અનેકવાર અકસ્માતો પણ થાય છે. અગાઉ વનતંત્ર દ્વારા નીલગાય પકડવા માટે ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી જયારે થોડા દિવસોના અંતે આ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી. શહેરમાં અંદાજિત ૩૦૦ થી વધુ નીલગાય રખડતી હોવાનો અંદાજ છે. જેમાં મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો ત્રાસ વધુ છે. જયારે સેકટરોમાં ફુટપાથ આસપાસની જગ્યામાં નીલગાય રખડતી જોવા મળે છે. નીલગાયના લીધે અમદાવાદ ગાંધીનગરના રૂટમાં પણ અનેકવાર અકસ્માતો થયા છે. જો કે આ રૂટને અનુલક્ષી નીલગાય મુખ્યમાર્ગો પર દોડીન આવે તે માટે આસપાસના વિસ્તારમાં ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. હાલ શહેરના સેકટરોમાં નીલગાયનો ત્રાસ વધી ગયો છે. જેના લીધે નગનરા ઉભા અને આડા માર્ગો પર અનેકવાર અકસ્માતો પણ સર્જાય છે. માર્ગો પર દોડતા વાહનો વચ્ચે ગમે ત્યારે નીલગાય આવીને ઉભી રહી જતા વાહનચાલક અકસ્માતનો ભોગ બને છે. વનતંત્રને પણ અગાઉ નીલગાયના આતંક સામે યોગ્ય પગલા લેવા માટે સ્થાનિકોએ અનેકવાર રજુઆત કરી છે. આમછતા હજુ સુધી સ્માર્ટ સીટીમાં રખડતા આખલા અને કુતરા વચ્ચે નીલગાયનો ત્રાસ વધી રહ્યો છે. જેના લીધે માર્ગ સલામતીને જોખમમાં મુકતા પરિબળો વધુ જોખમાયા છે. નીલગાયના ત્રાસથી વન આરક્ષિત વિસ્તારમાં લીમડાના રોપાઓ પણ ટકતા નથી લીમડાના રોપા

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com